| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


તા.૨૩/૦૧/૨૦૨૦ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૯/૨૦૨૦**

# અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

### અપહરણ ગુનાના કામે આરોપી તેમજ ભોગબનનારને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ તાજેતરમાં દાખલ થયેલ અપહરણના ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં-૩૧૫, પો.કો પંકજભાઇ નારાયણભાઇ બ.નં-૧૦૧૯૦, લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં-૧૫૩૦, લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ બ.નં-૧૧૭૪૫, વુ.લોકરક્ષક રમીલાબેન દાનસિંહ બ.નં.૭૬૮ એ રીતેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ નાઓને મળેલ બાતમી હકિકત આધારે ઓઢવ ફાયર બ્રિગેડ પાસેથી ઓઢવ પો.સ્ટેશન ગુ.ર.નં- એ/૧૧૧૯૧૦૩૭૨૦૦૦૪૫ ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૩(એ)(૪) મુજબના ગુનાના કામે આરોપી અજયકુમાર ઇન્દ્રરાજ પ્યારેલાલ કશ્યપ ઉ.વ.૨૨ રહે: જયંતિલાલભરવાડના મકાનમા ચુનારા વાસ, ઓઢવ ગામ, અમદાવાદ શહેર મુળવતન: ગામ-જાફર ગંજ, પોસ્ટ.ખજવા થાના જાફર ગંજ કટરઇ જી-ફતેપુર રાજ્ય-ઉત્તરપ્રદેશ તેમજ ભોગબનનારને નાને તા-૨૨/૦૧/૨૦૨૦ ના ક.૧૬/૦૦ વાગે પકડી અપહરણ ગુનો શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે.

# <u>ખુનના ગુનામાં વોન્ટેડ આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ક્રાઇમ બ્રાંચ :</u>**

## <u>ત્રણ વર્ષ અગાઉના ખુનના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી લેતી</u>

અમદાવાદ શહેરમાં ખુન જેવા ગંભીર પ્રકારના ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અજયકુમાર તોમર સાહેબ, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ નાઓની સુચના આધારે, શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેની શાખાના પો.ઈન્સ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલીયા તથા સ્ટાફના માણસો દ્વારા અમદાવાદ શહેરના ખુનના ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા ખાસ આયોજન હાથ ધરેલ અને ખાનગી બાતમીદારોનો સંપર્ક કરી આવા ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો બાબતે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરવામાં આવેલ અને આવા આરોપીઓ પકડવાની કામગીરીને ખાસ અગ્રીમતા આપવા માટે શ્રી અજયકુમાર તોમર, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ વિશેષ સુચના કરેલ હોય, આ દરમ્યાન તા.૨૨/૦૧/૨૦૨૦ ના રોજ મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે નરોડા પાટીયા પાસેથી સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૬૩/૨૦૧૭ ઇપીકો કલમ-૩૦૨, ૨૦૧ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી દેવેન્દ્ર ઉર્ફે ગુડ્ડુ સ/ઓ મોહરસિંગ નટ (છારા) ઉ.વ.૪૪ રહે-ગામ-બાસીકલા તા.જી. ભરતપુર રાજસ્થાન હાલ રહે-૪૦૬ આકાશ સાગર બિલ્ડીંગ સેક્ટર-૧૨ કોપર કેરના રેલ્વે સ્ટેશન રામનગર ન્યુ મુંબઇ નાનો મળી આવતા, અટક કરવામાં આવેલ છે.

જે સદર આરોપીની પુછપરછ દરમ્યાંન વર્ષ-૨૦૧૭ માં અમરતભાઇ સોલંકી નામના એક છોકરાને છાતીના ભાગે ચાકુથી ઇજા પહોંચાડી મૃત્યુ નિપજાવેલ જે કેસમાં પોતાનો સાળો રવી રામુ તમંચે રહે : સીંગલ ચાલી કુબેરનગર છારાનગર નાનો અગાઉ પકડાયેલ હતો અને પોતે આ ગુનામાં નાસતો ફરતો હતો. અને પકડાઇ ન જાય તે સારૂ મુંબઇ તથા રાજસ્થાન ખાતે ફરતો હતો.

જે આરોપીની વધુ પુછપરછ પો.ઈન્સ.શ્રી. જે.એન.ચાવડા તથા પો.સ.ઈ શ્રી એ.પી.જેબલીયા નાઓ ચલાવી રહેલ છે. તેમજ સદર આરોપીને સરદાર નગર પોલીસ સ્ટેશન ખાતેના ગુનાના કામે સોપવા તજવીજ કરેલ છે.

# મોબાઇલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

## મોબાઇલ ફોન ઝુટવી ચીલ ઝડપ કરનાર આરોપી ને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ તથા સર્વેલન્સ સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો.વિક્રમસિહ સુખદેવસિહ બ.ન. ૬૨૧૯ તથા અ.પો.કો.સંદીપસિહ કોદરસિહ બ.ન. ૩૫૦૩ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ જેણે શરીરે બ્લ્યુ કલરનુ ગરમ જેકેટ તથા બ્લ્યુ કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે જે પોતાની પાસે ચોરી અગર છળ કપટથી મેળવેલ મુદ્દામાલ પોતાની પાસે રાખી રાજાવીર સર્કલ બસસ્ટેશન પાસે ઉભો છે "જે બાતમી હકીકત આધારે સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૧૧૧૯૧૦૪૦૨૦૦૨૧૩/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ),(૩) મુજબના ગુન્હાના કામે તારીખ-૧૮/૦૧/૨૦૨૦ ના સવારના ક. ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન કુબેરનગર દેવલાલી બજાર જાહેરમાં ફરીયાદી શ્રી તેઓના ફોન પર વાત કરતા ચાલતા જતા હતા ત્યારે ફરીયાદીના હાથમાં થી ઓપ્પો કંપનીનો ફોન જુટલી ચીલ ઝડપ કરી ભાગી ગયેલ જે ગુનાના કામે આરોપી કિશોર ઉર્ફે કિશલો મનજીભાઇ રાઠોડ ઉ વ- ૩૪ રહે- મોટવાણી ગલી હંસરાજ ફ્લેટની બાજુમાં છારાનગર રોડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાને મુદામાલ સાથે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

<u>આરોપી:-</u> કિશોર ઉર્ફે કિશલો મનજીભાઇ રાઠોડ ઉ વ- ૩૪ રહે- મોટવાણી ગલી હંસરાજ ફ્લેટની બાજુમાં છારાનગર રોડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

<u>મુદ્દામાલ;-</u> ઓપ્પો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૭૦૦૦/-

<u>કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-</u> (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) આસી.પોલીસ સબ ઇન્સપેકટર ડી.આર.બાગુલ (૩) હે.કો.અરવિન્દસિહ રાયસિહ બ ન- ૮૩૮૧ (૪) અ.હે.કો.વિક્રમસિહ સુખદેવસિહ બ.ન. ૬૨૧૯ (૫) અ.પો.કો.સંદીપસિહ કોદરસિહ બ.ન. ૩૫૦૩ (૬) અનાર્મ લોકરક્ષક પ્રજ્ઞેશકુમાર પોપટભાઇ બ ન- ૫૯૫ વિગેરે.

# “ SHE TEAM “ એ કરેલ કામગીરીની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

### ૪૫ જેટલી બહેનો ને ૧૮૧ અભયમ વિશે માહિતી આપવામા આવી તેમજ નાના બાળકો ને નાસ્તાનુ વિતરણ કરવામાં આવ્યુ.

વટવા પોલીસ સ્ટેશન ખાતે તા-૨૨/૦૧/૨૦૨૦ ના રોજ વટવા SHE ટીમ ના ઇન્ચાર્જ શ્રી વુ.મ.સ.ઇ અમૃતાબેન યોગેશકુમાર બ.ન-૪૧૦ તથા વુ.મ.સ.ઇ સોનલબેન કેશરીસિંહ બ.નં-૪૧૪ તથા પો.કો મેહુલભાઇ બાબરભાઇ બ.નં-૬૧૨૭ તથા વુ.લોકરક્ષક કોમલબેન રાજુભાઇ બ.નં-૨૮૫૬ તથા પો.કો ઇમરાનખાન ઇમામખાન બ.નં-૬૨૨૧ નાઓ વટવા વિસ્તાર મા આવેલ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીમા રહેતી ૪૫ જેટલી બહેનો ને ૧૮૧ અભયમ વિશે માહિતી આપવામા આવી તેમજ નાના બાળકો ને નાસ્તાનુ વિતરણ કરી પ્રસંસનીય અને ઉમદા કામગીરી કરેલ છે.



# <u>પાસા હેઠળ અટક કરેલ ઇસમોની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૨૨.૧.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વેજલપુર તથા વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમા છોકરીઓનો પીછો કરી હેરાન પરેશાન કરનાર તથા પોતાના સાગરિતો સાથે મળી એકસંપ થઈ ગે.કા.મંડળી રચી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારુ હાથમા છરો લઈ આવી લોકોની લારીને ઉધી પાડી તોડફોડ કરી નુકશાન કરી ધંધાના રુપિયાની લુટ કરનાર માથાભારે અને ઝનુની તેમજ ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ સાવન મનુભાઈ પાટડીયા રહેવાસી- હનુમાનપુરાની ચાલી, વાસુકી નગર-૨, જુના વાડજ અમદાવાદ શહેર તથા બ્લોક ન.બી/૨, મ.ન.૦૦૬ ગોદાવરી એપાર્ટમેન્ટ, પાણીની ટાંકી પાસે, ડી કેબીન સાબરમતી અમદાવાદ મુળવતન ગામ- ચુડા આંબેડકર વાસ, તા.ચુડા જિ.- સુરેન્દ્રનગર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સાવન મનુભાઈ પાટડીયા રહેવાસી- હનુમાનપુરાની ચાલી, વાસુકી નગર-૨, જુના વાડજ અમદાવાદ શહેર તથા બ્લોક ન.બી/૨, મ.ન.૦૦૬ ગોદાવરી એપાર્ટમેન્ટ, પાણીની ટાંકી પાસે, ડી કેબીન સાબરમતી અમદાવાદ મુળવતન ગામ- ચુડા આંબેડકર વાસ, તા.ચુડા જિ.- સુરેન્દ્રનગર |

- અમદાવાદ શહેરના કાગડાપીઠ  તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા અગાઉના ઝઘડાની અદાવત રાખી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી છરી વડે શરીર ઉપર ઈજા કરનારમાથાભારે અને ઝનુની તેમજ ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ સમીર મુસ્તુફાભાઈ ઉર્ફે મુસ્તાકભાઈ શેખ રહેવાસી- શાહઆલમ રો હાઉસ આર.એમ.પાન પાર્લરની પાછળ બેરલ માર્કેટની અંદર દાણીલીમડાઅમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સમીર મુસ્તુફાભાઈ ઉર્ફે મુસ્તાકભાઈ શેખ રહેવાસી- શાહઆલમ રો હાઉસ આર.એમ.પાન પાર્લરની પાછળ બેરલ માર્કેટની અંદર દાણીલીમડાઅમદાવાદ શહેર |

- આ ઉપરાંત મિલ્કતસંબધી, પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય 3 ઇસમો મળી **<u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને રાજકોટ, સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.